

જાહેરાતો માટે TRPમાં ગોલમાલ કરવામાં આવે છે?

TVની ચેનલો ઉપર આવતા કોઇ પણ કાર્યક્રમની લોકપ્રિયતા માપવા માટે TRP નામના મીટરનો ઉપયોગ કરે છે. ભારતમાં ધંધો કરતી કંપનીઓ દર વર્ષે આશરે 11,000 કરોડ રૂપિયાની જાહેરખબરો TVની ચેનલોને આપે છે. આ જાહેરખબરો આપવા માટે તેઓ TRPને જ આધાર માને છે. જે કાર્યક્રમનો અને જે ચેનલનો TRP વધારે હોય તેને વધુ જાહેરખબરો મળે છે. હવે NDTV નામની ન્યૂઝ ચેનલે એવો આક્ષેપ કર્યો છે કે અમુક ચેનલો દ્વારા જાહેરાતોમાં વધુ હિસ્સો પડાવવા માટે TRPમાં ગોલમાલ કરવામાં આવે છે. આપણા દેશમાં TVના કાર્યક્રમોના TRP નક્કી કરવાનું કામ ટેલિવિઝન ઓડિયન્સ મેઝરમેન્ટ (TAM)ઇન્ડિયા નામની પ્રાઇવેટ કંપની સંભાળે છે, જે ભારતીય કંપની કંટાર અને અમેરિકી કંપની નેલ્સનનું સંયુક્ત સાહસ છે. આ કંપનીના અધિકારીઓને અને કર્મચારીઓને લાંચ આપીને TVની ચેનલો પોતપોતાના TRP વધારીને જાહેરખબરો આપનારી કંપનીઓને છેતરતી આવી છે. આ પાપ લગભગ બધી ચેનલો કરતી હોવાથી કોઇ ચેનલ તેની સામે ફરિયાદ નહોતી કરતી, પણ હવે NDTVએ અમેરિકાની અદાલતમાં નેલ્સન એન્ડ કંટાર સામે 1.3 અબજ ડોલરનો દાવો કર્યો છે. ભારતમાં કુલ 23.1 કરોડ ઘરો છે. તેમાંથી 14.8 કરોડ ઘરોમાં TV છે. આ પૈકી 12.6 કરોડ ઘરોમાં કેબલ અથવા ડિજિટલ TVનું કનેકશન છે. આ પૈકી TAM ઇન્ડિયા દ્વારા આશરે 8,000 ઘરોમાં પીપલોમીટર નામનું ડેટાબોક્સ બેસાડવામાં આવ્યું છે. આ ડેટાબોક્સમાં દર્શક કઇ ચેનલનો ક્યો કાર્યક્રમ કેટલી મિનિટ સુધી જુએ છે, તેની વિગતોનો સંગ્રહ કરવામાં આવે છે. આ 8,000 ડેટાબોક્સના આંકડાઓના આધારે TRP નક્કી કરવામાં આવે છે. NDTVની દલીલ એવી છે કે ભારત જેવા દેશ માટે 8,000 મીટરો બહુ ઓછા કહેવાય.

NDTVનો બીજો આક્ષેપ એવો છે કે ક્યાં ઘરોમાં પીપલોમીટર બેસાડવામાં આવ્યાં છે, તેની માહિતી TVની ચેનલોના સંચાલકોને આપી દેવામાં આવે છે. આ સંચાલકો જે ઘરોમાં મીટર લગાવાયા હોય તેમને લાંચ આપીને પોતાની ચેનલ જોવા રાજી કરી દે છે.

સેમ્પલની સાઇઝ નાની હોવાથી આ રીતે દર્શકોને લાંચ આપવી બહુ આસાન છે. ઘણી વખત ચેનલોના સંચાલકો ડેટા કલેક્ટ કરવા આવતા કર્મચારીઓને લાંચ આપે છે. NDTVનો આક્ષેપ છે કે આ રીતે આપવામાં આવતા ખોટા TRPના કારણે તેમને 3 વર્ષમાં 1.3 અબજ ડોલરનું નુકસાન થયું છે, જેનું વળતર તેમણે માંગ્યું છે.

TRPની બાબતમાં ન્યૂઝ ચેનલો વચ્ચે ગળાકાપ સ્પર્ધા ચાલે છે. દર્શકોની સંખ્યા વધુ બતાવીને વધુ જાહેરખબરો ખેંચવા માટે ન્યૂઝ ચેનલો જાતજાતની ચાલાકીઓ કરે છે. સંસદમાં જે દિવસે ઇ.સ.2012-13નું બજેટ રજૂ કરવામાં આવ્યું તેના બીજા દિવસે 'ટાઇમ્સ નાઉ', બ્લૂમ્બર્ગ અને CNBC એ ત્રણેય ચેનલોએ દાવો કર્યો હતો કે બજેટના દિવસે તેમનો TRP સૌથી વધુ હતો. આ દાવાઓ વાંચીને દર્શકો અને જાહેરખબરો આપનારા મુંઝવણમાં પડી ગયા હતા.

ટાઇમ્સ નાઉએ દાવો કર્યો હતો કે બજેટના દિવસે સવારે 11 અને બપોરે 1 વચ્ચે તેમની વ્યૂઅરશીપ 32%ની હતી, જ્યારે તેમના પ્રતિસ્પર્ધી NDTVની 25% અને CNN, IBNની 17% હતી. આ આંકડાઓમાં દૂરદર્શન અને હેડલાઇન્સ ટુડેનો સમાવેશ જ કરવામાં નહોતો આવ્યો. બ્લૂમ્બર્ગ UTVએ એવો દાવો કર્યો હતો કે બજેટના દિવસે તેના દર્શકોની સંખ્યા પણ સૌથી વધુ હતી. જો કે તેણે આ માટે સવારે 11થી બપોરે 1નો સમયગાળો પસંદ કરવાને બદલે સાંજે 7થી મધ્યરાત્રિ સુધીનો સમયગાળો પસંદ કર્યો હતો. વળી આ સર્વેમાં ભારતનાં 8 શહેરોનો અને ગુજરાત રાજ્યનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

ભારતમાં ચેનલોના TRP નક્કી કરતી કંપની સામે NDTVએ અમેરિકાની અદાલતમાં 1.3 અબજ ડોલરનો નુકસાનીનો દાવો કર્યો છે

ટાઈમ લાઈન
સંજય વોરા

બ્લૂમ્બર્ગે એવો દાવો કર્યો હતો કે બજેટના દિવસે તેનો TRP 40% જેટલો હતો, જે અન્ય બિઝનેસ ચેનલો કરતાં વધુ હતો.

આ સાથે એવો દાવો કર્યો હતો કે બજેટના દિવસે તેનો TRP સૌથી વધુ હતો. આ દાવો કરવા માટે તેમણે સવારે 6થી રાતે 12 વાગ્યા સુધીનો સમયગાળો ધ્યાનમાં લીધો હતો. ભૌગોલિક દૃષ્ટિએ પણ તેમણે માત્ર 8 શહેરો અને 1 રાજ્ય ગણતરીમાં લેવાને બદલે આખા ભારતને ગણતરીમાં લીધું હતું. આ રીતે નંબર 1ના દાવામાં એક જ દિવસે ત્રણેય ચેનલો સાચી હતી અને ખોટી પણ હતી. આ 3 ચેનલોના દાવાઓ કમ હોય તેમ બજેટના દિવસે NDTVએ પણ એવો દાવો કર્યો કે તેને કુલ દર્શકોના 51% ટકા મળ્યા હતા. તેના દાવા મુજબ NDTVને ટાઇમ્સ નાઉ, હેડલાઇન્સ ટુડે, દૂરદર્શન અને CNN-IBN કરતાં પણ વધુ દર્શકો મળ્યા હતા. આ દાવાના સમર્થન માટે TRPનો ઉપયોગ કરવામાં નહોતો આવ્યો પણ તેમણે પોતે દેશનાં 11 શહેરોના 5,000 દર્શકોનો સર્વે કરાવ્યો હતો. આ વાત પોતે પોતાની જાતને વિજેતા જાહેર કરે તેવી હતી.

TVના કાર્યક્રમોના સમીક્ષકો કહે છે કે TRPમાં ગોલમાલ થાય છે એ બહુ જાણીતી વાત છે.

આ ગોલમાલમાં લગભગ બધી ચેનલો સંડોવાયેલી હોવાથી તેઓ અત્યાર સુધી ફરિયાદ કરતી નહોતી. હવે 'ટાઇમ્સ નાઉ'ની સરખામણીમાં NDTV ચેનલ એટલી બધી પાછળ પડી ગઇ છે કે TRPમાં ગોલમાલ કરીને પણ તેઓ 'ટાઇમ્સ નાઉ' સાથે સ્પર્ધામાં ટકી શકે તેમ નથી, માટે હતાશામાં આવીને તેમણે અમેરિકાની અદાલતમાં TAM ઇન્ડિયા સામે કેસ કર્યો છે. આ કેસ પરથી TV પર જાહેરખબરો આપતી કંપનીઓએ સમજી જવાની જરૂર છે કે કોઇ પર ભરોસો રાખવા જેવો નથી.

વાસુદેવ સ્માર્ત સમા ભારતીય કળા સૌંદર્યના ઉપાસકને અવિસ્મરણીય ગ્રંથતર્પણ

શું વાસુદેવ સ્માર્તનો પુનર્જન્મ શકય છે? આ પ્રશ્નનો સાદો ઉત્તર એ છે કે જેમના કાર્ય માટે તમને આદર હોય, જેમણે તેમના કાર્યથી આપણને ગૌરવ અપાવ્યું હોય, તેમના સમગ્ર વ્યકિતત્વમાં સઘન ભાવે ફરી પ્રવેશો તો તે તેમના પુનર્જન્મને જ આહ્વાહ છે. સુરતની જાણીતી ઓળખ ઉદ્યોગ - વ્યાપાર વડે છે પણ વાસુદેવ સ્માર્ત જેવા 'ભારતીય કલાસૌંદર્યના ઉપાસક' વડે એક ભિન્ન ઓળખ ઊભી થઇ. ચિત્રકળાનું કોઇ વાતાવરણ નહીં એવા સુરતના વાસુદેવ સ્માર્ત આજથી 75 વર્ષ પહેલાં મુંબઇની સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટસમાં જઇ ચિત્રકળાનું શિક્ષણ લે તે પણ મોટી ઘટના ગણાય. તેમના યૌવનપ્રવેશના વર્ષો તો દેશ સમગ્રમાં ચાલી રહેલી સ્વતંત્રતા આંદોલનની પ્રવૃત્તિના હતા. આ કારણે જ તેમના વ્યકિતત્વમાં ગાંધીજી સદા હાજર રહ્યા અને બીજી તરફ ભારતીય કલાસૌંદર્યના ઉપાસક હોવાના કારણે જ દેશના અનેક યુવા ચિત્રકારો આધુનિકતા તરફ સક્રિય થયા ત્યારે પણ તેઓ ઉપેક્ષાના ભય વચ્ચે પણ પુરાતનતાના નૂતન ઉન્મેષથી કામ કરતા રહ્યા. પ્રથમ સુરતમાં જ કલાશિક્ષક રહ્યા પછી બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં વ્યાખ્યાતા અને પછી રીડર રહી અધ્યાપન, અધ્યયન અને ચિત્રકળા સર્જનમાં પ્રવૃત્ત રહ્યા. ભારતના પુરાતન સ્થાપત્યો, મંદિર, ગુફાઓમાં અનેક શૈલીમાં જે કળાવારસો શિલ્પ, અંકન રૂપે પથરાયો હતો તેના સંશોધન, અધ્યયન સાથે અનુકૃતિનું કામ આરંભ્યું. આ બધું તો દેશના ખૂણે ખૂણે હતું અને એમનો કળાવારસાના સાચવણ માટે રઝળપાટ શરૂ થયો. એ સમય તો આધુનિક ચિત્રકળાના મહિમાનો હતો અને તેઓ તેની તાલીમ પામેલા પણ હતા પરંતુ તેમની કાર્ય પસંદગી જાણે વિદ્રોહ સમી હતી. વાસુદેવભાઇનાં કાર્યની એક ઓળખ વારાણસી, અમદાવાદ, લખનૌ, સુરતમાં તેમણે યોજેલા ચિત્રપ્રદર્શનોમાં છે તો બીજી ઓળખ મુંબઇ, દિલ્હી, ભોપાલ, લખનૌ, ગાંધીનગર, કાનપુરમાં સંઘરાયેલા તેમના ચિત્રોમાં છે તો ત્રીજી ઓળખ એ કેટલાક ગ્રંથો છે જેમાં ભારતના ભીંતચિત્રો, અલંકરણ, રેખાંકન, અનુકૃતિ અને તેના અધ્યયન સમાયાં છે.

હમણાં રમણિક ઝાપડિયા અને રાજર્ષિ સ્માર્તના સંપાદનમાં 'ભારતીય કલાસૌંદર્યના ઉપાસક: શ્રી વાસુદેવ સ્માર્ત' પુસ્તક કલાતીર્થ ટ્રસ્ટ વડે પ્રગટ થયું છે. સુરતમાં વાસુદેવ સ્માર્ત પ્રત્યે આદર ખરો પણ કોઇ સંસ્થા કે કલાપ્રવૃત્તિનું મહત્ત્વ સમજતા વ્યકિતએ વાસુદેવ સ્માર્ત વિશે ગ્રંથ આયોજન વિચાર્યું નહોતું. સુરતમાં કળાશિક્ષણ માટેની સંસ્થા હોય, કળા પ્રદર્શન માટેની ગેલેરી હોય તેવી ઝંખના પણ તેમણે સતત સક્રિય ભાવે સેવી. વારાણસી હતા ત્યારે પંડિત ઓમકારનાથ સાથે એક જ સંસ્થામાં રહી કળાસાધના કરનારા વાસુદેવ એ વિરલ વ્યકિત હતા કે રાષ્ટ્રનાં કોઇ પણ સ્થળેથી મોટા ચિત્રકાર કે સંગીતકાર કે કળાના અધ્યેતા પધારે તો વાસુદેવભાઇનું ઘર શોધી ગોષ્ઠિ કરવા જતા. આ વાસુદેવ સ્માર્ત કેવા હતા, તેમનું કાર્ય કેવું હતું તેનો જો સઘન પરિચય કેળવવો હોય તો આ સંપાદનનાં 375 પૃષ્ઠોમાંથી પસાર થવું જરૂરી છે. આ સંપાદનની વિશેષતા એ છે કે વાસુદેવભાઇના કાર્ય, વ્યકિતત્વ વિશેના અંગત સ્પર્શ સાથેના લેખ સાથે અધ્યયન, નિરીક્ષાવાળા લેખ છે અને સાથે જ અઢળક રેખાંકનો સમાવાયા છે. આ બધું ઉપરાંત એવા અનેક ફોટોગ્રાફ્સ છે જેમાં વાસુદેવભાઇની જુદા જુદા સમયની છબિ ઝીલાયેલી છે. સંપાદકોએ આ ગ્રંથની

સામગ્રીને 7 ખંડમાં વિભાજીત કરી છે અને તેમાં 'શબ્દ સૌરભ' નામના ખંડમાં વાસુદેવ સ્માર્ત લખેલા 10 લેખો સમાવાયા છે. 'સ્મરણ સુરભિ' હેઠળના ખંડમાં રવિશંકર રાવળ, વિજયશીલ ચન્દ્રસૂરિ, ભગવતીકુમાર શર્મા, જોરાવરસિંહ જાદવ, અનિલ રેલિયા, નટુ પરીખ, હિમાંશી શેલત, જયદેવ શુકલ, પ્રતાપસિંહ જાડેજા, જગદીપ સ્માર્ત, કૃષ્ણપ્રિયા સ્માર્ત, તુષાર ભટ્ટ, લલિતા સુબ્રમણ્યમ, ડો. સુરેશવ્રત રાય ઉપરાંત બે ઇન્ટરવ્યૂ છે. નિસર્ગ આહીર જેવા કળાના અભ્યાસીએ વાસુદેવ સ્માર્તના 5 ગ્રંથો વિશે ઉલટભેર લખ્યું છે. એવું કહી શકાય કે વાસુદેવ સ્માર્તની કાર્યછબિ, પ્રતિભા-રૂપ અહીં સમગ્રતયા ઝીલાયું છે. વાસુદેવ સ્માર્તનો આ ગ્રંથ જેની પાસે હશે તે ગૌરવનો ભાવ અનુભવશે અને એક કળાકાર - સંશોધક ભારતીય કળાનું અવગાહન કેવી રીતે કરી શકે તેની આત્મપ્રતીતિથી આદર પ્રગટ કરશે. વાસુદેવ સ્માર્ત ગાંધીજી પ્રત્યે પૂરો આદર ધરાવતા હતા અને તેમના કળારસને અને કળાની વિભાવનાને ઘડવામાં - પોષવામાં તો મહાકવિ કાલિદાસનો ય એટલો જ ફાળો જેટલો જગન્નાથ અહિરવાસીનો. હકીકતે અનેક જ્ઞાત - અજ્ઞાત કળાકારો તેમને આહ્વાન કરતા રહ્યા જે શિલ્પોમાં, ભીંતચિત્રોમાં, મંદિર ગવાક્ષોમાં પરંપરા સર્જી બેઠા હતા.

કર્ટનકોલ
બકુલ ટેલર

ભારતીયતાની આ નિજી રીતિનું તેમણે પશ્ચિમ પ્રભાવી આધુનિકતાથી વિશેષ ગૌરવ કર્યું. ઘરની બહાર નીકળે એટલે થેલામાં સ્કેચબુક હોય જ અને તે તો છેલ્લે 'સૂર્યગ્રહણ' નામના ચિત્રમાં પણ જણાશે. તેઓ ચિત્રકળા માટે અદમ્યવૃત્તિ ધરાવતા હતા. સતત બેચેન, સતત ઉદ્વેગથી ભરેલા. પ્રવૃત્તિ વિના તેઓ અજંપ રહેતા. હિમાંશીબેને તેમના લેખના આરંભે, 'આ કાળખંડમાં આવાં છલકાતાં, ઉભરાતાં વ્યકિતત્વો દુર્લભ થતાં જાય છે' એવું લખ્યું છે તે સાચે જ સાચું છે. તેમણે અંગત સ્મૃતિછબિની સમાંતરે કેટલાંક કૃતિવૈશિષ્ટને નોંધતા લખ્યું છે, 'ચિત્રસંયોજનની એમની ઊંડી સૂઝ અને શકિત 'પુષ્પવાટિકા', 'રામસીતા વિવાહ' કે 'મેઘદૂત' જેવાં ચિત્રોમાં ઉપસી આવે છે. તેમણે 'નવરસદર્શન', 'કામદહન', 'વસંત', 'ગરબા', 'પતંગબજાર' અને બીજા ચિત્રોની ય સભર નોંધ કરી છે. જયદેવ શુકલ કળામર્મજ્ઞએ જીવનભારતીમાં વાસુદેવકાકા ચિત્રગુરુ હતા તેના સ્મરણો સાથે નોંધ્યું છે, 'વાસુદેવભાઇની રેખાઓનું લાલિત્ય અને સામર્થ્ય, એમના કંપોઝિશન્સ, વિગતોનું સુશોભનપૂર્ણ છતાંય સૂઝપૂર્વકનું આલેખન, રંગવિન્યાસ આદિને કેન્દ્રમાં રાખી તેમનું મૂલ્યાંકન થવું બાકી છે! આવું તમને આખા ગ્રંથમાં પમાશે ને વાસુદેવ સ્માર્તની સ્મૃતિથી મન છલકાશે.

આ દશેરાના દિવસે, 5 ઓકટોબરની સાંજે 5 વાગ્યે જીવનભારતી - રંગભવનમાં તેમના વિશેના આ સંપાદિત ગ્રંથનો લોકાર્પણ સમારોહ યોજાયો છે. અનિલ રેલિયા જેવા કળાકાર, કળા સંગ્રાહક, સેરીગ્રાફર અને કળારસિક, અધ્યયનશીલવૃત્તિ ધરાવતા સુરતના પોલીસ કમિશનર અજય તોમર, સૌરાષ્ટ્ર સેવા સમાજ, સુરતના પ્રમુખ કાનજીભાઇ ભાલાળાની ઉપસ્થિતિમાં આ લોકાર્પણ થશે. સુરત તેમના આ વિરલ કલાસાધકને સ્મરણ - આદર આપશે. કલાતીર્થ ટ્રસ્ટ અને જીવનભારતી મંડળ, સુરતે યોજેલા આ સમારોહમાં સહુ કળારસિકો, વાસુદેવ સ્માર્તના ચાહકો ઉમટી પડે તેમાં જ એમના પ્રત્યેની સ્મૃતિનું ય ગૌરવ છે. વાસુદેવ સ્માર્ત તમારી રાહ જુએ છે. જગદીપ સ્માર્ત ત્યાં જ તમને મળી આવશે. જે આપણા છે તે તો કયાંય જતા નથી.

શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. તરંગ કે મોજા વગરનું (૪)
૪. ભેટ, બક્ષિસ, પૂજાનો સામાન (૪)
૭. પાણીનું બેડું (૩)
૧૧. કિનારો, કાંઠો, આરો (૨)
૧૩. તીખા સ્વાદનો એક તેજાનો (૨)
૧૫. સહન કરનારું (૪)
૧૭. છળ, પ્રપંચ (૩)
૧૯. વધારે - ઓછું (૪)
૨૨. મીણબત્તી, દીવો (૨)
૨૪. મનુષ્ય, માણસ (૨)
૨૫. ખાંસી (૨)
૨૭. શ્વાસ (૨)
૨૯. પક્ષ, તરફેણ (૨)
૩૧. સમાજ, મંડળી (૨)
૩૩. દાવાનળ, સંતાપ (૨)
૩૫. થોડા મત ધરાવતો પક્ષ (૪)
૩૮. સરોવર (૨)
૪૦. સાચું, ખરું (૨)
૪૧. ચાલતું, હાલતું (૨)
૪૨. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૪૪. કૃપા, દયા (૩)
૪૫. હોડી, નાવ (૨)
૪૬. આદર, સન્માન (૨)
૪૭. તપાસ (૩)
૪૯. અવસ્થા, સ્થિતિ, ટેવ (૩)
૫૦. એક ખાટું ફળ (૩)
૫૨. પાઘડી, માથાબંધન (૨)
૫૩. એક સુંદર ફૂલ (૩)
૫૫. વાયુ (૨)
૫૬. રિવાજ, પ્રથા (૩)
૫૮. મશગૂલ, લીન, ડૂબેલું (૩)
૬૦. બુદ્ધિ, અક્કલ (૩)
૬૧. સાચું, સારું (૨)
૬૨. સરસામાન, શણગાર (૨)
૬૩. જાગવું તે (૨)
૬૪. લગાર, જરાક (૩)
૬૬. તપસ્યા (૨)
૬૭. દાન કરનારું (૨)
૬૮. મનોહર, સુંદર (૪)

ઊભી ચાવી
૨. ઉત્કટ ઇચ્છા, તાલાવેલી (૩)
૩. ભૂતકાળનું, વીતી ચૂકેલું (૨)
૫. પહાડ, ગિરિ (૩)
૬. લીન, મગ્ન (૨)
૮. તીવ્ર અભિલાષા થવી તે (૨)
૯. અપ્રીતિ, અભાવ (૩)
૧૦. એક અવાજ, ગુંજન (૨)
૧૨. ટંકારાથી થતો અવાજ (૨)
૧૪. યશ, કીર્તિ (૨)
૧૬. પાણી પીવાની ઇચ્છા (૩)
૧૭. એક જાતની ડાંગર (૩)
૧૮. ખટ દઇને થતો અવાજ (૨)
૨૦. રહસ્ય, ભેદ (૩)
૨૧. નકામું, બાદ થયેલું (૨)
૨૩. લંબાઇ, પહોળાઇ, વજન વગેરેનું પ્રમાણ (૨)
૨૬. પરિણામ (૨)
૨૮. પુષ્કળ (૨)
૩૦. ઉઝરડો, કાપો (૪)
૩૨. જાડી કઠણ રોટલી (૩)
૩૪. વેણ, કથન, વાકય (૩)
૩૬. રાત્રે જ દેખી શકતું એક પક્ષી (૩)
૩૭. બાણ (૨)
૩૯. સાવ સહેલી વાત (૫)
૪૩. પ્રીતિ, હેત, માયા (૩)
૪૫. અંધારું, અજ્ઞાન (૩)
૪૬. મધ્યમ, વચલું (૩)
૪૭. દુનિયા, જગત (૨)
૪૮. જમીન ખોદવાનું એક ઓજાર (૩)
૫૧. દેવું, ઋણ (૩)
૫૨. પાંદડું (૨)
૫૪. એક દિવસની મુસાફરી (૩)
૫૭. હેત, સ્નેહ (૩)
૫૯. આકાશ, આભ (૩)
૬૦. દીવાની જ્યોત (૨)
૬૧. સરોવર (૨)
૬૨. સર્પ, ભુજંગ (૨)
૬૩. જુવાર (૨)
૬૫. ગાયન (૨)
૬૬. ઝપાટાબંધ (૫)
૬૭. કઠોળનું દળ-ફાડિયું (૨)
૬૮. જીતેન્દ્રની એક ફિલ્મ (૩)
૬૯. નિર્ણય, ઉકેલ (૨)
૭૦. નાશ, પ્રલય (૨)
૭૧. છાશ (૨)
૭૨. કર્તવ્ય (૩)
૭૩. વચન, બોલી (૨)
૭૪. ધીરજ (૩)
૭૫. તંતુ, દોર (૨)
૭૬. પખવાડિયાની પહેલી તિથિ (૩)
૭૮. ગરમ મિજાજ, ગુસ્સો (૩)
૭૯. સમજ, બુદ્ધિ (૩)
૮૧. દુનિયા, વિશ્વ (૩)
૮૩. કારણ, હેતુ (૩)
૮૫. ગાગર (૨)
૮૬. વીસ કિલોનું જૂનું તોલ (૨)
૮૭. ઢોર બાંધવાનો ખીલો (૨)

શબ્દ સાપ્તાહિકી ઉકેલ



કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ